# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયેનો હુકમ

નં.પીઓએલ(૧)/૯૩૧૪/૨૦૧૨
જિલ્લા મેજીસ્ટ્રેટ ખેડાની કચેરી,
આયોજન ભવન, નડિયાદ.
તા. ૩ /૯/૨૦૧૨.

જાહેરનામું ::–

નવા નવા નામો ધારણ કરતાં આતંકવાદી જુથો ધ્વારા દેશના જુદાજુદા ભાગોમાં વિનાશકારી પ્રવૃત્તિઓ સતત ચાલુ રહેલ છે.સમાચારપત્રોમાં પ્રકાશિત થતાં સમાચારો મુજબ આતંકવાદી પ્રવૃત્તિઓને આખરી અંજામ આપતા પહેલા તેઓ ઈન્ટરનેટ જેવી અદ્યતન સુવિધાઓથી એકબીજાના સંપર્કમાં રહેતા હોય છે. ઈ–મેઈલથી પણ તેઓ માહિતીની આપલે કરતાં હોવાનુ અનુભવે જણાયેલ છે. જેથી, આવા આતંકવાદી જુથો ધ્વારા થતા ગુન્હાઓ સાયબર કાફેના કોમ્પ્યુટરોમાં રહેલ માહિતીથી ડીટેકટ થતા હોય છે અને બનેલા બનાવો અંગે મહત્વની કડીઓ પ્રાપ્ત થતી હોય છે. આતંકવાદીઓ તેમનો આંતરિક સંદેશા વ્યવહાર, ઈન્ટરનેટ / ઈ–મેઈલ થી પણ કરતા હોય છે. જેથી દરેક સાયબર કાફે પર પણ કોણ કોણ, કયારે આવીને ઈન્ટરનેટ સર્ફીંગ કરે છે, તેની માહિતી સાયબર કાફે માલિક પાસે રખાવવી અત્યંત જરૂરી બન્યું છે. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદની કચેરીએ આ બાબતે તેઓના પત્ર નં.એલઆઈબી/જાહેરનામું /૨૧૮૬/૨૦૧૨,તા.૨૨/૮/૨૦૧૨થી અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં તેઓની દરખાસ્ત ઉચિત અને વાજબી જણાય છે.

જેથી હું **એમ.વી.પારગી,** આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડિયાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂં છુ કે, સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તારમાં આવેલ સાયબર કાફેના માલિક, સંચાલક કે નોકરે સાયબર કાફેની મુલાકાત લેતા દરેક વ્યકિત / બ્રાઉઝર પાસેથી જરૂરી માહિતી મેળવીને, નીચેના કોલમોમાં તેની ઓળખની વિગતો ભરીને તે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ નીચે મુજબની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. તેમજ જરૂર જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માગે ત્યારે તેઓને અવશ્ય આપવાની રહેશે.

| અ.નં. | કોમ્પ્યુટર નંબર | વપરાશકર્તા / બ્રાઉઝરનું નામ | સરનામું | ઉંમર | સ્ત્રી કે પુરૂષ | ટેલિફોન / મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

| ઈ–મેઈલ એડ્રેસ | સહી | સાયબર કાફેમાં દાખલ થયા સમય | સાયબર કાફેમાંથી બહાર નીકળ્યા સમય | ફોટા સાથેની ઓળખની વિગતો (જેવાકે ચુંટણી કાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ / બેંકની પાસબુક / પાન કાર્ડ / પાસપોર્ટ / આઈ. કાર્ડ (સ્કુલ કે કોલેજનું ઓળખપત્ર વિગેરે) | ઓળખનો પુરાવો કયા અધિકારીએ ઈસ્યુ કરેલ છે. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | | | | | | |

૧. ઉપર મુજબનું રજીસ્ટર સાયબર કાફેના માલિકે નિભાવવાનું રહેશે અને તેની ફરજીયાત સાચવણી–જાળવણી કરવાની રહેશે.

૨. કોઈપણ સાયબર કાફે માલિક કે તેનો અધિકૃત કર્મચારી ઉપરોકત પત્રકના કોલમ નં.૭માં જણાવેલ પુરાવાઓ પૈકી તેને સંતોષ થાય તેટલા જરૂરી પુરાવા રજુ કર્યેથી ઉપર મુજબના રજીસ્ટરમાં નોંધ કરીને સાયબર કાફેમાં આવનાર વ્યકિત / બ્રાઉઝરને ઈન્ટરનેટનો ઉપયોગ કરવા દેશે. આ મુજબની ફોટા સાથેની કોઈપણ જરૂરી ઓળખ રજુ ન કરનાર વ્યકિત / બ્રાઉઝરને સાયબર કાફેમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવા દેવો નહિ.

૩. સાયબર કાફેમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે આવનાર દરેક વ્યકિત / બ્રાઉઝરનો વેબ કેમેરાથી ફોટો પાડીને કોમ્પ્યુટરની હાર્ડ ડીસકમાં સ્ટોર કરવાનો રહેશે. સક્ષમ અધિકારી ધ્વારા ચકાસણી માટે આ ફોટા માંગવામાં

.....૨.....

**જય ભારત સહ નકલ રવાના :** નાયબ સચિવશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં.

**જય ભારત સહ નકલ રવાના :** પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદ.

૨/– આ જાહેરનામું જિલ્લામાં આવેલ તમામ પોલીસ સ્ટેશનોને તુરતજ મોકલી આપી, **<u>આ જાહેરનામાની નકલો જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ ચોંટાડીને બહોળી પ્રસિધ્ધિ કરીને</u>** અમલ કરાવેલ છે, તે અંગેનો રીપોર્ટ દિન–૫ માં અત્રે મોકલી આપવા વિનંતી છે.

**નકલ રવાના :**

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નડીઆદ / ખેડા / કપડવંજ / બાલાસિનોર તરફ જાણ તેમજ સદર જાહેરનામાનો તેઓના કાર્યક્ષેત્રના વિસ્તારોમાં યોગ્ય રીતે અમલવારી થયેલ છે કે કેમ ? તેની ખાત્રી કરી અત્રે રીપોર્ટ કરવા સારૂં.

(૨) નાયબ માહિતી નિયામકશ્રી, નડિયાદ

૨/– સદરહુ જાહેરનામું આઈટમ ઓફ ન્યુઝ તરીકે જિલ્લાના **<u>અગ્રગણ્ય દૈનિકપત્રોમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરાવવા</u>** તેમજ જે વર્તમાનપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ કરાવવામાં આવે તેનું કટીંગ અત્રે મોકલી આપવા સારૂં.

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, નડીઆદ / કપડવંજ તરફ અમલવારી કરાવવા સારૂં.

(૪) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, નડિયાદ(શહેર) / નડિયાદ(ગ્રામ્ય) / કઠલાલ / કપડવંજ / ઠાસરા / બાલાસિનોર / વિરપુર / મહુધા / માતર / મહેમદાવાદ / ખેડા તરફ અમલવારી કરાવવા સારૂં.

(૫) મામલતદારશ્રી, મનોરંજન કર, ખેડા જિલ્લો, નડિયાદ

૨/– જિલ્લાના તમામ સિનેમા સંચાલકો / વિડીયો ગૃહ સંચાલકો તથા કેબલ ઓપરેટરો પાસે તેમના **<u>કેબલ નેટવર્ક ઉપર આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા</u>** તેમજ તે બાબતનો અત્રે રીપોર્ટ મોકલી આપવા સારૂં.

(૬) જિલ્લા સરકારી વકીલશ્રી, ડે. ડીસ્ટ્રીકટ કોર્ટ કંપાઉન્ડ, નડીઆદ તરફ જાણ સારૂં.

(૭) પો.ઈ.શ્રી, નડિયાદ ટાઉન / બાલાસિનોર / નડિયાદ રૂરલ , પો.સ.ઈ.શ્રી નડિયાદ પશ્ચિમ / વસો / માતર / લીંબાસી / ચકલાસી / ઠાસરા / ડાકોર / કપડવંજ ટાઉન / કપડવંજ રૂરલ / આંતરસુંબા / કઠલાલ / મહુધા / મહેમદાવાદ / ખેડા ટાઉન / વિરપુર તરફ.

૨/– **<u>આપના કાર્યક્ષેત્રના વિસ્તારમાં આવેલ તમામ સાયબર કાફેના માલિકો / સંચાલકોને</u>** આ જાહેરનામાની **<u>લેખિતમાં જાણ કરી,</u>** આ જાહેરનામની નકલ મોકલી આપી, આ જાહેરનામામાં જણાવેલ વિગતોએ ચુસ્તપણે **<u>અમલવારી કરાવવા તેમજ અમલવારી કરાવેલ છે, તે મતબલનો રીપોર્ટ</u>** જરૂરી આધાર–પુરાવા સહ દિન–૫ માં **<u>આ કચેરીને</u>** તેમજ જિલ્લા પોલીસ વડાશ્રીને મોકલી આપવાનો રહેશે.

આવે ત્યારે બતાવવાના કરવાના રહેશે. જો કોઈ વ્યકિત / બ્રાઉઝર આ માટે સહમત ન થાય તો તેને ઈન્ટરનેટનો ઉપયોગ સાયબર કાફે ખાતે કરવા દેવાશે નહિ.

૪. સાયબર કાફેના દરેક કોમ્પ્યુટર સેફટી સોફટવેરથી સજ્જ રાખવાના રહેશે. જેથી કોઈ વ્યકિત અશ્લિલ વેબસાઈટસ, આતંકવાદી પ્રવૃત્તિઓ કે બાધાજનક વેબસાઈટનો ઉપગયોગ કરી શકે નહીં.

૫. સાયબર કાફે માલિકે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરનું પ્રમાણપત્ર, ઈન્ટરનેટ પ્રોટોકોલ એડ્રેસ, કુલ બેન્ડ વીથ, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર ધ્વારા અપાની બીજી સેવાઓ જેવીકે, વિડીયો કોન્ફરન્સીંગ, ઈન્ટરનેટ પ્રોટોકોલ ટેલિફોનીની વિગતો પણ તૈયાર રાખવાની રહેશે. તેમજ જરૂર જણાયે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારી માગે ત્યારે તેઓને અવશ્ય આપવાની રહેશે.

૬. કોમ્પ્યુટરના સ્ટોરેજ મીડીયા / હાર્ડવેરની ઓળખને લગની માહિતીનો સંગ્રહ કરવાનો રહેશે.

૭. સાયબર કાફે માલિકે નીચે મુજબના બેક–અપની સાચવણી – જાળવણી કરવાની રહેશે.

(૧) ઈન્ટરનેટ બ્રાઉઝરની
(૨) વેબ સાઈટનો ઈતિહાસ
(૩) ઈન્ટરનેટ કુકીઝ
(૪) મોડૅન લૉગ્સ
(૫) ઈન્ટરનેટ ડાઉન લૉડ
(૬) પ્રોકસી લોગ
(૭) નેટવર્ક સોફટવેરના ઉપયોગથી ઉદ્ભવના બીજા લોગ્ઝ

૮. સાયબર કાફે સવારના ૬.૦૦ કલાક થી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધીજ ખુલ્લા રાખવાના રહેશે.

**આ હુકમ તા. 3 /૯/૨૦૧૨ થી તા. ૯ / ૧૦/૨૦૧૨ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ ધ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો / પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, ખેડા–નડિયાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીઓએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે તેમજ જિલ્લામાં આવેલ તમામ સાયબર કાફેના માલિકો / સંચાલકોને આ હુકમની લેખિત રીતે જાણ કરવાની રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા. 3 /૯ /૨૦૧૨ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

DISTRICT MAGISTRATE
KHEDA-NADIAD

(એમ.વી.પારઘી)
**જિલ્લા મેજિસ્ટ્રેટ**
**ખેડા–નડિયાદ**

**પ્રતિ,**
મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા.
૨/– સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની દશ નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના :**
(૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશક (ઈન્ટે.), ગાંધીનગર.